પુસ્તકનુંનામ :- મળેલા જીવ (૧૯૪૧)
લેખકનુંનામ :- પન્નાલાલ પટેલ
સાહિત્ય પ્રકાર :- નવલકથા




મળેલા જીવ એ પન્નાલાલ પટેલની નવલકથા છે. ઈડરિયા પ્રદેશના જોગીપરા અને ઉધડિયા ગામાનાં પટેલ કાનજી અનેઘાંચજી જીવીની આ કરુણાન્ત પ્રેમકથામાં ‘એક પા લોહીના કોગળા અને બીજી પા પ્રીતનાઘૂંટડા’ છે. આગ્રામજીવનના પરિવેશમાં બે ભિન્ન જ્ઞાતિનાં કાનજી-જીવીવચ્ચે જન્મેલા પ્રણયમાંથી આકાર લેતી કરુણ પરિસ્થિતિને આલેખતી નવલકથાએ એના લેખકનેસાહિત્યિક વર્ગમાં ઘણી પ્રતિષ્ઠા અપાવી. પરંતુ લેખકની કીર્તિદા નવલકથા તો છે . જ્ઞાતિભેદ અને મોટાભાઈના કુટુંબની સોંપાયેલી જવાબદારીને કારણે કાનજીજીવીને અન્યત્ર પરણાવી વિચ્છેદ રચે છે. પોતાના વહેમી પતિથી વાજ આવી જીવી આપઘાત કરવારોટલામાં ઝેર ભેળવી દે છે ખરી, પરંતુ અક્સમાતે એ રોટલો પતિથી ખવાઈ જતાં અને પતિ મરી જતાંજીવી ગાંડી બની જાય છે. છેલ્લે આવી સર્વનાશ પામેલી જીવીને કાનજી પોતાના જીવનમાંસંઘરે છે. ગ્રામીણ વસ્તવમાં શુદ્ધ તળપદાં પરિબળો વચ્ચે વસ્તુવેગ અને મનોવિશ્લેષણનીદ્વિવિધ ભૂમિકાએ સમગ્ર સંસારના પર્યાંરૂપ ધબકતો આ સ્થાનિક લોકસંસાર લેખકનો પોતીકોછે. સુન્દરમે સાચું કહ્યું છે : ‘અત્યારે આ કથા જેવી છે તેવી પણ હિન્દના કોઈ પણસાહિત્યમાં અને થોડા સંકોચ સાથે દુનિયાના સાહિત્યમાં પણ ગુજરાતી કળાનુંપ્રતિનિધિત્વ ધારી શકે તેવી બની છે.’

gnanbhandar.co